Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अवाप्ति—स्वाधीनोच्चारणक्षमत्वम्।** સ્વાધીન ઉચ્ચારણ યોગત્વ.

**अविकृतपरिणामः**—અધિષ્ઠાનમાં વિકાર થયા વિના જે પરિણામ થાય તે જેમ–સોનું કાયમ રહ્યા છતાં તેનાં કડાં, કુંડળ, કંઠી, વગેરે પરિણામ થાય છે; અથવા–જેમ બ્રહ્મમાં વિકાર થયા વિના તેમાં વિવર્તરૂપે જગત ભાસે છે. એ અવિકૃત પરિણામ કહેવાય છે.

**अविगीतत्वम्**—बलवदनिष्टाननुबन्धित्वम्। બળવાન્ અનિષ્ટનું જે અજનકપણું તે અવિગીતત્વ. ૨. પ્રશસ્તપણું.

**अविगीताचारः**—અનિન્દ્ય આચાર. ૨. જે આચાર નરકાદિરૂપ બળવાન અનિષ્ટને ન ઉત્પન્ન કરે એવો હોઇને સ્વર્ગાદિરૂપ ઇષ્ટના સાધનરૂપ હોય તે અવિગીતાચાર કહેવાય છે.

**अविज्ञातार्थ**—परिषत्प्रतिवाद्यबोधप्रयोजकपदप्रयोगः। જે પદથી પરિષત્ના પુરૂષને તથા પ્રતિવાદી પુરૂષને અર્થનો બોધ ન થાય, એવો પદનો જે પ્રયોગ છે, તેનું નામ અવિજ્ઞાતાર્થ છે. તેમાં જે પદોનો અન્વય ક્લિષ્ટ હોય, તથા જે પદનો અર્થ અપ્રસિદ્ધ હોય, તથા જે પદ અતિશીઘ્રતાથી ઉચ્ચારણ કર્યું હોય, તે પદ પરિષત્પુરૂષને તથા પ્રતિવાદીને બોધનુંજનક હોતું નથી. એવા પદના પ્રયોગનું નામ અવિજ્ઞાતાર્થ છે.

**अविद्या**—આવરણશક્તિ પ્રધાન અજ્ઞાન તે અવિદ્યા.

૨. **स्वाश्रयव्यामोहकरी अविद्या।** પોતાના આશ્રયને જે મોહની પ્રાપ્તિ કરે તે અવિદ્યા.

૩. **रजस्तमोभिभूतमल्पिनसत्त्वप्रधाना अविद्या।** (એટલે રજોગુણ તથા તમોગુણથી અભિભૂત) સત્વગુણ જેમાં પ્રધાન છે એવા અજ્ઞાનને અવિદ્યા કહે છે. ( અજ્ઞાન શબ્દ જુઓ. )

**अविद्या** (પાંતજલમતે) **अतस्मिंस्तबुद्धिर्दुरविद्या।** તદ્ભાવથી રહિત પદાર્થમાં જે તદ્ભાવ બુદ્ધિ છે, તેનું નામ અવિદ્યા. તે બે પ્રકારની છેઃ (૧) કાર્યાવિદ્યા અને (૨) કારણાવિદ્યા.

૨. પાંચ કલેશમાંનો પહેલો કલેશ. એનેજ તુલા વિદ્યા કહે છે. આ અવિદ્યા ચાર પ્રકારની છેઃ—

(૧) અનિત્યમાં નિત્યત્વ બુદ્ધિ. જેમ, બ્રહ્મલોકાદિ અનિત્ય છે તેને નિત્ય માનવા.

(૨) અશુચિમાં શુચિત્વબુદ્ધિ. જેમ–દેહાદિ અશુચિ છે તેને શુચિ માનવા.

(૩) દુઃખ અને તેનાં સાધનોમાં સુખબુદ્ધિ તે સુખસાધનત્વ બુદ્ધિ. જેમ સ્ત્રક્ (માળા), ચંદન, વનિતાદિ.

(૪) અનાત્મામાં આત્મત્વબુદ્ધિ. જેમ, દેહાદિમા.

**अविद्याद्वयम्**—બે પ્રકારની અવિદ્યાઃ (૧) મૂલાવિદ્યા અને (૨) તુલાવિદ્યા.

**अविद्यापर्वाणि पञ्च**—અવિદ્યાનાં પાંચ પર્વ વિભાગઃ—तमो मोहो महामोहस्तामिस्रो ह्यन्धसंज्ञकः ॥ (૧) તમ, (૨) મોહ, (૩) મહામોહ, (૪) તામિસ્ર, અને (૫) અંધતામિસ્ર.

**अविद्यावृत्तिरूप विपर्ययः।** साक्षादविद्योपादानावृत्तिः જેનું સાક્ષાત્ ઉપાદાન અવિદ્યા છે, એવી વૃત્તિ તે અવિદ્યાવૃત્તિ; એ અવિદ્યાવૃત્તિએ કરેલું જે ઉલટું જ્ઞાન તે અવિદ્યાવૃત્તિરૂપ વિપર્યય–જેમ–છીપમાં રૂપાનું જ્ઞાન, ઇત્યાદિ.

**अविनाभाव**—વ્યાપ્તિ. ૨. સંબંધ માત્ર. ૩. સ્વદેશ વૃત્તિત્વ.

૪. व्याप्यनिष्ठव्यापकनिरूपितधर्मः। વ્યાપક વડે નિરૂપિત એવો વ્યાપ્યમાં રહેલો ધર્મ. જેમ–વ્યાપક જે અગ્નિ તેનાથી નિરૂપિત એવો વ્યાપ્તિરૂપ ધર્મ વ્યાપ્યરૂપ ધૂમમાં રહેલો છે.

**अविरोधः**—બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયનું નામ. શ્રુતિથી વિરોધી એવાં સ્મૃતિ, પ્રત્યક્ષ અને અનુમાનાદિ પ્રમાણો આભાસરૂપ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે વેદાન્ત વાક્યોના સમન્વયમાં તે સ્મૃતિ વગેરે વિરોધી ન હોવાં તેને અવિરોધ કહે છે.

**अव्यभिचारः**—નિયમ.

**अव्ययः**—न विद्यते व्ययो (विनाशो) धर्मतः स्वरूपतोऽवयवतो यस्य सः । જે પદાર્થના ધર્મનો, સ્વરૂપનો કે અવયવનો નાશ નથી થતો તે પદાર્થ અવ્યય કહેવાય.

**अव्यवहितत्वम्**—व्यवधानाभावत्वम् । અંતરાય વગરનું જેમ–'अव्यवहित पूर्वक्षण' એટલે જે ક્ષણની વાત કરતા હોઇએ તેની પહેલાંનીજ પૂર્વક્ષણ; એ બન્ને ક્ષણો વચ્ચે કાંઈ છેટું કે વ્યવધાન ન જોઇએ.

**अव्याप्ति**—लक्ष्यैकदेशावृत्तित्वमव्याप्तिः । પોતાના લક્ષ્યના એક દેશમાં ( ભાગમાં ) લક્ષણનું જે ન હોવાપણું તે અવ્યાપ્તિ દોષ કહેવાય છે. જેમ–કોઇ માણસે ગાયનું લક્ષણ કરતાં કહ્યું કે ' જે કપિલા ( રાતા રંગની ) હોય તે ગાય.' હવે ગાયનું કપિલત્વ લક્ષણ બધી ગાયોમાં હોતું નથી પણ કોઇક ગાયમાંજ હોય છે. માટે એ લક્ષણ પોતાના લક્ષ્યરૂપ ગાયમાત્રમાં ન વર્તતાં તેના એક દેશરૂપ કોઇક ગાયમાં વર્તે છે, માટે એ લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું છે.

૨. लक्ष्यवृत्तित्वे सति लक्ष्यतावच्छेदक-समानाधिकरणात्यन्ताभावप्रतियोगित्वम् । જે લક્ષણ લક્ષ્યમાં હોઇને લક્ષ્યતાનું જે અવચ્છેદક સમાનાધિકરણ તેમાં જે લક્ષણના અત્યંતાભાવનું પ્રતિયોગિપણ રહેલું હોય તે અવ્યાપ્તિ કહેવાય. આ વાત દૃષ્ટાન્ત વિના ઠીક સમજાય નહિ, માટે ધારો કે 'કપિલત્વ' એ ગાયનું લક્ષણ છે. એ લક્ષણ કપિલા ગાયમાં હોઇને, લક્ષ્યતા જે ગૌત્વ, તેનું અવચ્છેદ સમાનાધિકરણ જે શ્વેત ગાય, તેમાં રહેલો કપિલત્વનો જે અત્યંતાભાવ, તેનું પ્રતિયોગી જે કપિલત્વ, તે જે લક્ષણમાં હોય તે અવ્યાપ્તિ દોષવાળું લક્ષણ છે.

**अव्याप्यत्वम्**—व्याप्याभाववद्वृत्तित्वम् । વ્યાપ્યના અભાવવાળા પદાર્થમાં રહેવાપણું.

**अव्याप्यवृत्तिगुणः**—જે ગુણ પોતાના આશ્રયરૂપ દ્રવ્યના કોઇક દેશમાં રહે અને કોઇક દેશમાં ન રહે. તે જેમ–શબ્દગુણ આકાશરૂપ વિભુ દ્રવ્યનો આશ્રિત છતાં પણ આકાશના કોઇ ભાગમાં હોય છે. અને કોઇ ભાગમાં નથી હોતો, માટે શબ્દ એ અવ્યાપ્યવૃત્તિ ગુણ છે. ( સર્વમૂર્ત દ્રવ્યોના સંયોગવાળા પદાર્થને વિભુ કહે છે. )

**अव्याप्यवृत्तित्वम्**—स्वात्यंताभावसमानाधिकरणत्वमव्याप्यवृत्तित्वम् । स्व એટલે શબ્દાદિક અવ્યાપ્યવૃત્તિ ગુણનું પોતાના અત્યંતા ભાવની સાથે જે સમાનાધિકરણપણું તે શબ્દાદિમાં અવ્યાપ્ય વૃત્તિત્વ છે. જેમ–એકજ વિભુ આકાશમાં જેરી અવચ્છિન્ન પ્રદેશમાં ઉત્પન્ન થયેલા શબ્દનો, તેજ આકાશમાં રહેલા ઘટાદિ અવચ્છિન્ન પ્રદેશમાં અત્યંતાભાવ રહે છે. તે પોતાના અત્યંતાભાવ સાથે શબ્દગુણનું સમાનાધિકરણ કહેવાય. એવું સમાનાધિકરણત્વ એ અવ્યાપ્ય વૃત્તિત્વ કહેવાય છે.

૨. જે બે દ્રવ્યોનો સંયોગ થાય, તે બે દ્રવ્યોના થોડાક ભાગમાં તે સંયોગ રહેતો હોય, અને થોડાક ભાગમાં સંયોગનો અભાવ રહેતો હોય (અર્થાત્ સંયોગ ન રહેતો હોય), એવા સંયોગને અવ્યાપ્યવૃત્તિ કહે છે. જેમ–વૃક્ષ અને વાનરનો સંયોગ અવ્યાપ્યવૃત્તિ છે. કેમકે વૃક્ષની ડાળ સાથે તેનો સંયોગ છે, પણ મૂળ સાથે નથી.

**अव्युत्पन्नत्वम्**—पदज्ञानरहितत्वम् । આ પદનો આ અર્થ છે, એવા પ્રકારના જ્ઞાન વિનાના હોવાપણું.

**अशास्त्रीयद्वैतम्**—કામક્રોધાદિદ્વૈત તે અશાસ્ત્રીય દ્વૈત કહેવાય છે. કેમકે એ દ્વૈત ' જ્ઞાન ' નું વિઘાતક છે. ( શાસ્ત્રીય દ્વૈત ગુરુ શાસ્ત્રાદિક છે; તે ' જ્ઞાન ' નું સાધક છે. )

**अशुक्लाकृष्णकर्म**—પુણ્ય પાપરહિત કર્મ ( એ ફક્ત યોગીઓનુંજ હોય છે. )

For Private And Personal Use Only